માણસે કમાવા જેવી કોઇ મૂડી હોય તો તે માણસાઇ છે
- હરકિસન મહેતા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૧૧ | ૨૪ જાન્યુઆરી, ૨૦૧૫, શનિવાર ; મહા સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




(તસવીર : કશ્યપ નિમાવત)

યુથ ફેસ્ટીવલ -કડી સર્વ વિશ્વવિદ્યાલયના યુવક મહોત્સવમાં ગાંધીનગર સ્થિત કૉલેજોની વિદ્યાર્થીનીઓ અને વિદ્યાર્થીઓની અદ્દભૂત પ્રસ્તુતિ... નૃત્ય સ્પર્ધામાં એક એકથી ચડિયાતા નૃત્યો રજૂ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. શાસ્ત્રીય નૃત્ય, રાજસ્થાની લોકનૃત્ય તેમજ અન્ય પ્રાંતના લોકનૃત્યો ઉપરાંત મંચ અને સાહિત્યના અનેક વિભાગોની સ્પર્ધાઓમાં ઉસ્તાહપૂર્વક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ગાંધીનગર શહેરની પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓમાં સર્વાંગી વિકાસની તાલીમ અસરકારક રીતે અપાય છે જેના પરિણામે કૉલેજ કક્ષાએ તો વિદ્યાર્થીઓ સંબંધિત ક્ષેત્રોમાં પાવરધા બની જાય છે.... ગાંધીનગરના યુવક - યુવતીઓ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં યુનિવર્સિટી કક્ષાએ અને પ્રદેશ કક્ષાએ મોખરે રહે છે... અને એટલે જ ગાંધીનગરને સાંસ્કૃતિક નગરનો દરજ્જો અપાય છે....

# મનપાનું સિલિંગ અભિયાન

## પ્રથમ દિવસે જ એક કરોડની વસુલી મેળવી : પ્રતિષ્ઠિત હોટલ અને ઔદ્યોગિક એકમ પર મનપાની ટીમ ત્રાટકી : મિલ્કતધારાકોએ ચેક આપ્યા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગરપાલિકાએ આજથી મિલ્કતવેરાની અસરકારક વસુલી માટે સિલિંગ અભિયાન આરંભતાં જ પ્રથમ દિવસે રૂ. એક કરોડની વસુલી મેળવી એક વિક્રમ હાંસલ કર્યો છે.

મિલ્કતવેરાની ૫૦ કરોડથી પણ વધુ બાકી વસુલીને લઈ તંત્ર પર પડી રહેલી પસ્તાળને પગલે આજે એકાએક જ તંત્રએ બપોર બાદ આ વસુલી અંગેનું અભિયાન હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો.

ગઈકાલે ડ્રાફ્ટ બજેટ બાદ પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં મ્યુનિ. કમિશનરશ્રીએ વેરા વસુલી માટે આકરા પગલાં લેવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેત આપતાં જણાવ્યું હતું કે નોટીસો આપવાની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને હવે તંત્ર આ માટે સિલિંગ, ઢોલ વગાડી વસુલી અભિયાન માટે સજ્જ છે.

આજે અત્યંત ચુપકીદી બાદ બપોરે ત્રણેક વાગ્યાના સુમારે કોર્પોરેશનની ચુનંદા અધિકારીઓની ટીમ ગાંધીનગર શહેરની પ્રતિષ્ઠીત હોટલના સંકુલ પર ત્રાટકી હતી. જ્યાં હોટલના સંચાલકોએ તાબડતોબ રૂ. ૨૬ લાખથી વધુ વેરા વસુલીનો ચેક કોર્પોરેશનના અધિકારીઓને લખી આપ્યો હતો.

આ પછી ટીમ ગાંધીનગરની ઈલેક્ટ્રીક ઔદ્યોગિક વસાહતમાં ત્રાટકી હતી. જ્યાં એક ઔદ્યોગિક ગૃહ જે હાલ બંધ છે તેની મિલ્કત સીલ કરવાની કામગીરી હાથ ધરાય તે પૂર્વે જ આ ઔદ્યોગિક ગૃહની એક ટીમે કોર્પોરેશનના અધિકારીઓ સાથે એક કલાકની મંત્રણાને અંતે પ્રોમીસરી નોટ રૂ. ૭૪ લાખની લખી આપી હતી અને મંગળવારે સવારે બધાજ નાણાં ભરપાઈની ખાત્રી આપતાં જ તંત્રની ટીમ પાછી ફરી હતી.

આમ અભિયાનના પ્રથમ દિવસે જ રૂ. એક કરોડની વસુલીનો વિક્રમ ગાંધીનગર મહાનગરપાલિકાને નામે નોંધાયો છે.

સિલિંગ એક્ટમાં સિલિંગની કામગીરી સૂર્યાસ્ત પહેલાં સંપન્ન કરવાની જોગવાઈ હોવાથી આજે બે એકમોમાં જ કાર્યવાહી થઈ શકી હતી. જો કે હવે ૨૭મીથી આ કામગીરી વધુ સઘન બનશે અને કોર્પોરેશનની ત્રણેક ટીમો બનાવી આ કામગીરી આગળ ધરાવવામાં આવશે તેમ અંતરંગ સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલ્કતવેરા વસુલી માટે વારંવારની નોટીસો પછી પણ મિલ્કતધારકોની ઉદાસીનતાને લઈ

● અનુસંધાન પાન-૭ પર








